For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# તહેવારોમાં ડુંગળી રડાવશે, ભાવ કિલોના 80



**કમોસમી** વરસાદથી પાકને નુકસાન અને નિકાસની વધતી માંગની અસર

**તહેવારો** અને લગ્નસરાની સિઝનમાં ભાવ ઘટવાની શક્યતા ઓછી

**સરદાર** માર્કેટ યાર્ડમાં સોમવારે સારી ગુણવત્તાની ડુંગળીનો જથ્થાબંધ ભાવ કિલોએ રૂ.55 સુધી પહોંચ્યો

સુરતઃ સુરતના સરદાર માર્કેટ યાર્ડમાં નવી ડુંગળીની આવક ઘટતાં શહેરના છૂટક શાકભાજી બજારોમાં ડુંગળીના ભાવ કિલોએ રૂ.75થી 80 સુધી પહોંચી ગયા છે. ડુંગળીના વધેલા ભાવને કારણે ગૃહિણીઓના બજેટ પર વધુ બોજ પડ્યો છે. આગામી દિવસોમાં તહેવારો અને લગ્નસરાની સિઝનને કારણે ભાવમાં રાહત મળવાની શક્યતા ઓછી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, ચાલુ સિઝનમાં નવી ડુંગળીની આવક ઓછી છે. નવી ડુંગળી કાઢવાના સમયે ભારે વરસાદ પડતાં પાકને મોટું નુકસાન થયું હતું. તેની સીધી અસર બજારમાં આવક અને ભાવ પર પડી છે.

સરદાર માર્કેટ યાર્ડમાં સોમવારે નાનીથી મોટી સાઈઝની ડુંગળીનો 20 કિલોનો ભાવ રૂ.650થી રૂ.1,100 સુધી રહ્યો હતો. સારી ગુણવત્તાની

...અનુસંધાન પાના 5 પર

### ઓછો વરસાદ અને પાક પરની અસરને કારણે ભાત ખાવામાં

## ચોખા પહેલા માણસ 'બફાશે', ભાવો 20 ટકા સુધી વધી ગયા

**એક** માસમાં જ કોલમ ચોખા 20 ટકા અને બાસમતી 10 ટકા મોંઘા થઈ ગયા

**ખીચડી**, પુલાવ અને બિરિયાનીના સ્વાદ પર મોંઘવારીનો માર

**ચોખાના છૂટક ભાવમાં કેટલો વધારો?**

| ચોખાની જાત | અગાઉનો ભાવ | હાલનો ભાવ (રૂ.પ્રતિ કિલો) |
|---|---|---|
| સાદા કોલમ | 60થી 65 | 75થી 80 |
| લચકારી | 75થી 80 | 80થી 90 |
| વડાસર કોલમ | 60થી 65 | 70થી 75 |
| સુરતી કોલમ | 50થી 55 | 65થી 79 |
| પરિમલ અને મસૂરી | 40 | - |
| કાશ્મીરી બાસમતી | 100થી 120 | 120થી 130 |
| સેલા બાસમતી | 90થી 110 | 130થી 150 |
| શરબતી બાસમતી | 130થી 140 | 150થી 165 |

સુરતઃ દિવાળીના તહેવાર પહેલાં જ મોંઘવારીનો વધુ એક ફટકો સામાન્ય જનતાને પડ્યો છે. ઓછા વરસાદ અને ચોખાના પાક પર પડેલી અસરને પગલે બજારમાં ચોખાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા એક મહિનામાં કોલમ ચોખાની વિવિધ જાતોના ભાવમાં 20 ટકા, જ્યારે બાસમતી ચોખાની જાતોમાં 10 ટકા સુધીનો વધારો નોંધાયો છે. ચોખા મોંઘા થતાં હવે રોજિંદા ભોજનમાં ખીચડીથી લઈને પુલાવ અને બિરિયાની બનાવવાનું પણ મોંઘું પડી શકે છે. બીજી તરફ બજારમાં ચોખાની આવકમાં ઘટાડો અને તહેવારો દરમિયાન વધતી માંગને પગલે આગામી દિવસોમાં ભાવ હજુ વધે તેવી આશંકા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

સુરતના ડબગરવાડ ખાતેના જથ્થાબંધ અનાજના વેપારી કાંતિ પુરબીયાના જણાવ્યા મુજબ સામાન્ય રીતે દિવાળી બાદ ચોખાની ખરીદી અને સંગ્રહની મોસમ શરૂ થતી હોય છે, પરંતુ આ વખતે દિવાળી પહેલાં જ ભાવમાં વધારો નોંધાયો છે. છેલ્લા એક મહિનામાં મસૂરી, લચકારી અને વડાસર સહિતની કોલમ ચોખાની

...અનુસંધાન પાના 5 પર



■ સુરતમાં ઘારી લેવા માટે સોમવારે મોડી સાંજથી જ મીઠાઈની દુકાનો આગળ લાઈનો લાગી હતી, **(તસવીરઃ સતીષ જાદવ)**

### સુરતની આગવી અને અનોખી ઓળખ સમાન પોતીકો તહેવાર

## આજે ચંદી પડવો, સુરતીઓ હજારો કિલો ઘારી-ભૂસાની જ્યાફત માણશે

**સુરતીલાલાઓ** દ્વારા ઘારી-ભૂસાની ખરીદી કરી લેવામાં આવી, આજે ફૂટપાથ પર બેસીને તેને ખાવાની મોજ માણશે

સુરતઃ શરદ પૂનમની ચાંદની રાતની રોનક બાદ સુરતવાસીઓ માટે સૌથી વધુ આતુરતાનો દિવસ એટલે કે 'ચંદી પડવો' (આસો વદ પડવી). સુરતની આગવી અને અનોખી ઓળખ સમાન આ પોતીકા તહેવારની ઉજવણી માટે સુરતી લાલાઓ દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આવતીકાલે શહેરના રસ્તાઓ, ફુટપાથો અને ખુલ્લા મેદાનો પર અનોખો ઉત્સાહ જોવા મળશે, જ્યાં હજારોની સંખ્યામાં સુરતીઓ પરિવાર અને મિત્રો સાથે બેસીને વિશ્વપ્રસિદ્ધ ઘારી અને તીખા-મોળા ભૂસાની જયાફત માણશે. આવતીકાલે શરદની ચાંદનીમાં ખવાતી ઘારી અને ભૂસાની મિજબાની માણવા માટે સુરતનું યુવાધન અને અગ્રણીઓ ઉત્સાહભેર તૈયાર છે, જે સુરતની 'મારી અલ્બેલી શાન'ને વધુ એકવાર ઉજાગર કરશે.

ચંદી પડવાને અનુલક્ષીને સુરતની નાની-મોટી ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં છેલ્લા બે દિવસથી ભારે ભીડ જામી છે. સાદી માવા ઘારીથી લઈને કેસર, પિસ્તા, ચોકલેટ, અંજીર-અખરોટ અને ખાસ આકર્ષણ સમાન હજારો રૂપિયા સુધીની કિંમતી 'ગોલ્ડ ઘારી' સુધીની અનેક વૈવિધ્યસભર વેરાઈટીઓ ગ્રાહકો ખરીદી રહ્યા છે. એક અંદાજ મુજબ, ચંદી પડવાના આ એક જ દિવસમાં સુરત શહેરમાં ટનબંધ ઘારીની ખપત થાય છે. સુરતીઓની ખાણી-પીણીના શોખની વાત જ નિરાળી છે. ચંદી પડવાની સાંજે શહેરના અડાજણ, વીપ હેરિટેજ, ઘોડદોડ રોડ, રિંગ રોડ, વેસુ અને અઠવાલાઇન્સ સહિતના મુખ્ય માર્ગો અને ખુલ્લા વિસ્તારો પર લોકો પોતાના પરિવાર સાથે ચટાઈ પાથરીને બેસી જાય છે. ગળચટ્ટી ઘારી સાથે તીખું-ચટપટું ભૂસું (ચવાણું) ખાવાની આ પરંપરા દાયકાઓથી ચાલી આવે છે.

### સુરતીઓ 125 ટન ઘારી ઝાપટી જશે

આ વર્ષે ચાંદની પડવાના પર્વે સુરતીઓ અંદાજે 125 ટન ઘારી આરોગશે. સુમુલ ડેરીએ આ વર્ષે 85થી 90 ટન ઘારીના વેચાણનો લક્ષ્યાંક રાખ્યો છે, જેમાં સોમવાર સુધીમાં જ 80 ટન ઘારીનું વેચાણ થઈ ચૂક્યું હતું. માનવસ્પર્શ વિનાની પ્રક્રિયાથી શુદ્ધ ઘીમાં તૈયાર થતી સુમુલની કેસર-પિસ્તા-બદામ અને સુગર-ફ્રી ઘારીની દર વર્ષે સારી માંગ રહે છે. ડેરીએ 15થી 16 ટન સુરતી ભૂસું વેચવાનો લક્ષ્યાંક પણ હાંસલ કર્યો છે. બીજી તરફ, ચોર્યાસી ડેરીએ ત્રણ ટન ઘારી વેચવાનું આયોજન કર્યું છે. ખાનગી ડેરીઓ, સહકારી સંસ્થાઓ અને વિવિધ સમાજનાં મંડળો દ્વારા પણ 25થી 28 ટન ઘારીનું વેચાણ થવાનો અંદાજ છે.

### સુરતની ઘારીનો સંબંધ 1857ના સ્વતંત્રતા સંગ્રામ સાથે જોડાયેલો

ઇતિહાસકારોના મતે, સુરતના આ વિશિષ્ટ તહેવારનો સંબંધ 1857ના સ્વતંત્રતા સંગ્રામ સાથે પણ જોડાયેલો છે. તાત્યા તોપે અને તેમની સેના દ્વારા સુરત મુકામે આસો વદ પડવાના દિવસે ઘારી આરોગવામાં આવી હોવાનું મનાય છે, ત્યારથી સુરતમાં આ દિવસે ઘારી ખાવાનો રિવાજ અટૂટ રીતે ચાલી રહ્યો છે.

### ભૂસું ના હોય તો ઘારી ખાવાની મજા નથી!



ચાંદની પડવાની ઉજવણીમાં ઘારી જેટલું જ મહત્ત્વ સુરતી ભૂસુંનું છે. સેવ, ચેવડો, પાપડી, તીખા-મોળા ગાંઠિયા અને મીઠી-તીખી બુંદીના મિશ્રણથી તૈયાર થતું ભૂસું સુરતની આગવી ઓળખ ધરાવે છે. ઘારીની મીઠાશ સાથે તીખા ફરસાણનો સ્વાદ માણવાની વર્ષો જૂની પરંપરા આજે પણ અકબંધ છે. તહેવારની ઘરાકીને પહોંચી વળવા ફરસાણના વેપારીઓએ અગાઉથી જ પૂરતો સ્ટોક તૈયાર કર્યો છે. આમ, ઘારીની નવીન વેરાઇટી અને સુરતી ભૂસુંની ચટાકેદાર જ્યાફત સાથે ચાંદની પડવાનો ઉત્સવ સુરતીઓ માટે સ્વાદનો મહાપર્વ બની રહેશે.

### કરોડો રૂપિયાનો ખર્ચ સિગ્નલો પાછળ કરવામાં આવે છે પરંતુ મામલો 'ઠેરનો ઠેર'

## સુરતના રસ્તાઓ પર ટ્રાફિકના રેડ સિગ્નલ ગ્રીન થતાં જ નથી, વાહનચાલકો પરેશાન

**એઆઈથી** સિગ્નલ સિસ્ટમ હેન્ડલિંગ કરવાની વાતો ગુલબાંગ સાબિત થઈ પણ સાદાં સિગ્નલો પણ ચાલતાં નથી

**વાહનચાલકો** હમણા સિગ્નલ ગ્રીન થશે તેમ માનીને ઊભા રહી જાય અને પાછળ વાહનોની લાંબી લાઈનો લાગે છે

સુરતઃ એક સમયે એઆઈ આધારીત કેમેરા લગાડવાની વાત હતી પરંતુ એઆઈની વાત તો બાજુએ રહી સ્માર્ટ સિટી સુરતમાં ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવા માટે કરોડો રૂપિયાના ખર્ચે લગાવવામાં આવેલા ટ્રાફિક સિગ્નલો હાલમાં નધરોળ વહીવટી

...અનુસંધાન પાના 5 પર




### ટ્રાફિક પોલીસ- મનપા તંત્રની બેદરકારી, સિગ્નલોનું ધ્યાન રાખવા માટે પણ પોલીસ તૈયાર નથી!

શહેરમાં ટ્રાફિક નિયંત્રણની જવાબદારી સંભાળતી પોલીસ અને સિગ્નલ સિસ્ટમની જાળવણી કરતી સુરત મહાનગરપાલિકા ની મિલીભગત હોય તેમ આ ગંભીર સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કરી રહી છે. નાગરિકો દ્વારા વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્રના

...અનુસંધાન પાના 5 પર

### અકસ્માતનું જોખમ વધ્યું

સિગ્નલો યોગ્ય રીતે કામ ન કરતા હોવાને કારણે ચાર રસ્તાઓ પર વાહનોની પડાપડી થાય છે, જેના

...અનુસંધાન પાના 5 પર

## સુરતમાં ધીમા પગલે ઠંડીનું આગમન, રાતનું તાપમાન બે ડિગ્રી ઘટ્યું

**લઘુત્તમ** તાપમાન ૨૨.૫ ડિગ્રી નોંધાયું, દિવસનું તાપમાન પણ આંશિક ઘટ્યું

**જોકે** પવનની ધીમી ગતિ અને દિવસના ઊંચા તાપમાનને કારણે ગરમીનો અનુભવ યથાવત્

સુરતઃ શહેરમાં ગરમીથી પરેશાન લોકો માટે રાહતના સંકેત મળ્યા છે. રાતના તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો થતાં હવે ઠંડીના આગમનની આશા જાગી છે. શહેરમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૨૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જોકે, દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત્ રહ્યો હતો અને મહત્તમ તાપમાન આંશિક ઘટીને ૩૭ ડિગ્રી નોંધાયું હતું.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઓક્ટોબર મહિનામાં પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. દિવસ દરમિયાન તડકો આકરો રહેતાં નાગરિકો ગરમીથી પરેશાન થઈ રહ્યા છે. બીજી તરફ, રાતના તાપમાનમાં થયેલા ઘટાડાને પગલે વાતાવરણમાં ઠંડક વધવાની શક્યતા ઊભી થઈ છે. જોકે, માત્ર એક દિવસના તાપમાનના ઘટાડાના આધારે ઠંડીની શરૂઆત થઈ હોવાનું કહી શકાય નહીં. હવામાનની વિગતો મુજબ, શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ ૪૨ ટકા નોંધાયું હતું. જ્યારે ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાંથી ચાર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની ધીમી ગતિ અને દિવસના ઊંચા તાપમાનને કારણે ગરમીનો અનુભવ યથાવત્ રહ્યો હતો. હવે આગામી દિવસોમાં રાતના તાપમાનમાં વધુ ઘટાડો થાય છે કે નહીં તેના પર સૌની નજર રહેશે. લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો નોંધાય તો શહેરમાં ઠંડીની શરૂઆત થવાની શક્યતા વધી શકે છે.

## આ કોઈ નેકલેસ નથી પરંતુ સુરતનો તાપી નદી પરનો મેટ્રો રેલનો બ્રિજ છે...



■ સુરતમાં આ વર્ષના અંતમાં મેટ્રો રેલ દોડતી થઈ જવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે. મેટ્રો માટે સુરતમાં તાપી નદી પર અઠવાલાઈન્સથી સામે પાર અડાજણનો જોડતો બ્રિજ બનાવવામાં આવ્યો છે. ટ્રેક મુકાઈ ગયા છે અને ફોટામાં આ બ્રિજ જાણે સુરતમાં નેકલેસ હોય તેવો દેખાઈ રહ્યો છે. આ બ્રિજ પરથી જ્યારે મેટ્રો દોડશે ત્યારે એક અલગ જ નજારો દેખાશે. (તસવીરઃ હેમંત ડેરે)




**અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો**
M.81539 99901
ગુજરાતમિત્ર

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**આઠમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ.ગોવિંદભાઈ ભગવાનભાઈ ઘામેલિયા
(ઉ. વર્ષ : ૭૦)
સ્વ.તા.૨૭/૧૦/૨૦૧૮

સ્નેહ - સ્વાર્પણ - સત્ય અને સેવાના સદગુણો થી અમારા જીવન માં સંસ્કારોનું સિંચન કર્યુ પરિશ્રમ પરમાર્થ અને પરોપકાર ની ઊંચી ભાવના અમને સદૈવ પ્રેરણા આપી તમારૂ જીવન અમારી વચ્ચે નથી રહ્યુ પરંતુ આપની સાહસ વૃતિ ની સ્મૃતિ હંમેશા હૈયે કોતરાયેલી રહેશે ભગવાન સ્વામિનારાયણ આપના પવિત્ર આત્મા ને અક્ષરધામ નું સુખ આપે એજ હૃદયાંજલી.

ગં.સ્વ.જયાબેન ગોવિંદભાઈ ઘામેલિયા
મહેશભાઈ ગોવિંદભાઈ ઘામેલિયા
અ.સૌ. ઈલાબેન મહેશભાઈ ઘામેલિયા
મુકેશભાઈ ગોવિંદભાઈ ઘામેલિયા (રોડ કોન્ટ્રાકટર)
અ.સૌ. ચંદ્રિકાબેન મુકેશભાઈ ઘામેલિયા
વિપુલભાઈ ગોવિંદભાઈ ઘામેલિયા (ક્રિષ્ના ગ્લાસ વર્લ્ડ)
અ.સૌ. કૈલાસબેન વિપુલભાઈ ઘામેલિયા
જીગર, હર્ષિલ, કેવીન, યશ
(ગામ : લાલાવદર)
ક્રિષ્ના કન્સ્ટ્રક્શન પરિવાર

**છઠ્ઠી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**



સ્વ. વલ્લભભાઈ
નારણભાઈ સોલંકી
જન્મ તા. ૨૭/૦૫/૧૯૪૧
સ્વ. તા. ૨૭/૧૦/૨૦૨૦

આપ યાદ આવો હર એક
વ્યવહારમાં ખુશીઓમાં તહેવારમાં
જીવંત છો આપ અમારી સુવાસમાં
સ્મરણ તમારૂ થતા મન મૂકીને
રડાવતાં અમારા પ્રત્યે અખૂટ લાગણી
સાથેનો આપનો માયાળું સ્વભાવ અને
પ્રેમાળ હૃદયની મમતા સદાયે
અમારા હૃદયમાં જીવંત રહેશે.
પ્રભુ આપના પવિત્ર આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. ગં. સ્વ. રમીલાબેન વલ્લભભાઇ સોલંકી
સીમાબેન પ્રફુલભાઇ પાનવાલા (પુત્રી)
વિજયભાઇ વલ્લભભાઇ સોલંકી (પુત્ર) વનીતાબેન વિજયભાઇ સોલંકી (પુત્રવધુ)
અરવિંદભાઇ વલ્લભભાઇ સોલંકી (પુત્ર) સરોજબેન અરવિંદભાઇ સોલંકી (પુત્રવધુ)
અજયભાઇ વલ્લભભાઇ સોલંકી (પુત્ર) મનિષાબેન અજયભાઇ સોલંકી (પુત્રવધુ)
કોમલબેન હાર્દિકભાઇ રાઠોડ (પૌત્રી) શર્મિલાબેન ચિરાગભાઇ કંથારીયા (પૌત્રી)
પૌત્રીઃ- નિકીતાબેન, ખુશબુબેન, ફલેરાબેન, અંજલીબેન, શ્રેયાબેન
પૌત્રઃ- જયકુમાર (રવિ), વત્સલ, નિરજ

**દુઃખદ અવસાન - સંયુકત બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતા/બહેન
ભાનુબેન ઠાકોરભાઈ પટેલ
તા.૨૬/૧૦/૨૦૨૬ ને સોમવાર ના રોજ દેવલોક પામ્યા છે

સ્વ. ભાનુબેન ઠાકોરભાઈ પટેલ
સ્વ.તા.૨૬/૧૦/૨૦૨૬

સદ્ગતનું સંયુકત બેસણું
તા.૨૮/૧૦/૨૦૨૬ ને બુધવાર ના રોજ
સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦ કલાક દરમ્યાન
અમારા નિવાસ સ્થાને રાખેલ છે

નિવાસસ્થાનઃ
નવી વસાહત, નવ નિર્માણ સ્કૂલ,
ભરથાણા, સુરત

લિ. સ્વ. ઠાકોરભાઈ ગાંડાભાઈ પટેલ
સ્વઃ નગીનભાઈ ગાંડાભાઈ પટેલ | સ્વઃ બબલીબે નગીનભાઈ પટેલ
દિનેશભાઈ (ભીખો)ઠાકોરભાઈ પટેલ (પુત્ર) | નીલમ દિનેશભાઈ પટેલ (પુત્રવધુ)
ધનસુખભાઈ નગીનભાઈ પટેલ | વનિતાબેન ધનસુખભાઈ પટેલ
જીતુભાઈ ચિમનભાઈ પટેલ (જમાઈ) | સોનલબેન જીતુભાઈ પટેલ (પુત્રી)
રિશી દિનેશભાઈ પટેલ | સ્વઃ પ્રવીણભાઈ નગીનભાઈ પટેલ

પિયર પક્ષ
સ્વઃ ઘનસુખભાઈ મુળજીભાઈ પટેલ | અરવિંદભાઈ મૂળજીભાઈ પટેલ
ચંદુભાઈ મુળજીભાઈ પટેલ | ઈશ્વરભાઈ મૂળજીભાઈ પટેલ
ધર્મેશ ઘનસુખભાઈ પટેલ | ચંદ્રેશ ઈશ્વરભાઈ પટેલ
સંજય ચંદુભાઈ પટેલ | નિમેષ અરવિંદભાઈ પટેલ
ભદ્રેશ ઘનસુખ પટેલ | કપિલ ચંદુભાઈ પટેલ

ધુતિ, ધુવિકા, કીનલ, કેલિશ તથા સમસ્ત પરિવાર